

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 216
Dt.: 11-06-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa







### નેતન્યાહૂને રોકનારા ટ્રમ્પ પોતે જ આપો ગુમાવી બેઠા

# અપાચે હેલિકોપ્ટર નષ્ટ થયા બાદ અમેરિકાએ ઈરાન પર કર્યો મોટો હુમલો

## અમેરિકન હુમલા બાદ ઈરાનની રાજધાની તેહરાન સહિતના પ્રમુખ શહેરો અને સૈન્ય મથકો પર હાઈ એલર્ટ જાહેર કરીને સુરક્ષા વધારી દેવામાં આવી છે અને લોકોમાં ભારે ફફડાટનો માહોલ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) માં લાંબા સમયથી જે મોટા સૈન્ય સંઘર્ષની આશંકા સેવાઈ રહી હતી, તે આખરે હકીકતમાં બદલાઈ ગઈ છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ સીધી લશ્કરી કાર્યવાહીના આદેશ આપી દીધા છે, જેના પગલે પશ્ચિમ એશિયામાં યુદ્ધની આગ ફરી એકવાર ભીષણ રીતે ભડકી ઉઠી છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (હોર્મુઝ જળડમરૂમધ્ય) પાસે અમેરિકાના અત્યંત આધુનિક અપાચે એટેક હેલિકોપ્ટરને તોડી પાડવામાં આવ્યા બાદ અમેરિકાએ આ અત્યંત કડક પગલું ભર્યું છે.

અમેરિકન સેનાએ ઈરાનના અનેક વ્યૂહાત્મક સૈન્ય મથકો પર એકસાથે તબડતોડ હુમલા શરૂ કરી દીધા છે.વાસ્તવમાં, અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલો આ પ્રચંડ હુમલો તેમના અપાચે હેલિકોપ્ટરને તોડી પાડવાનો સીધો બદલો છે. હોર્મુઝ સ્ટ્રેટમાં પેટ્રોલિંગ કરી રહેલા અમેરિકન સેનાના અપાચે હેલિકોપ્ટર પર હુમલો કરી તેને પાડી દેવામાં આવ્યું હતું, જેની પાછળ અમેરિકાએ ઈરાન અથવા તેની સમર્થિત તાકાતોનો હાથ હોવાનો દાવો કર્યો છે. જો કે, તેહરાન આ આરોપોનો ઈનકાર કરી રહ્યું છે. આ ઘટનાથી લાલચોળ થયેલા પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ કર્યુ કે અમેરિકન સૈનિકો અને સૈન્ય ઉપકરણો પરના હુમલા કોઈ પણ કિંમતે સહન કરવામાં નહીં આવે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ ના જણાવ્યા અનુસાર, પ્રમુખ ટ્રમ્પના આદેશ પર વૉશિંગ્ટન સમય મુજબ મંગળવારે સાંજે ૫ વાગ્યે આ જવાબી હુમલા શરૂ કરવામાં આવ્યા હતા. અમેરિકાએ ઈરાનના એર ડિફેન્સ સિસ્ટમ, રડાર કેન્દ્રો અને મુખ્ય સૈન્ય પ્રતિષ્ઠાનોને નિશાન બનાવ્યા છે. પ્રાથમિક અહેવાલો મુજબ, અમેરિકાએ અબ્બાસ સહિત ઈરાનના ૩ મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર એકસાથે મિસાઈલ અને હવાઈ હુમલા કર્યા છે, જેના કારણે ઈરાનના સૈન્ય વિસ્તારો ધડાકાઓથી ગુંજી ઉઠ્યા છે.આશ્ચર્યની વાત એ છે કે, આ ઘટનાના એક દિવસ પહેલા જ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહૂને ઈરાન સામે નવું યુદ્ધ ન છેડવા માટે સખત ચેતવણી આપી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે જો ઈઝરાયેલ ઈરાન પર હુમલો કરશે તો તેણે એકલા હાથે જંગ લડવો પડશે. પરંતુ પોતાના જ સૈન્ય હેલિકોપ્ટર પર હુમલો થતાં ટ્રમ્પ પોતે ધીરજ ગુમાવી બેઠા અને સીઝફાયરની વચ્ચે જ ઈરાન પર મોટો સૈન્ય હુમલો કરી દીધો. અમેરિકન હુમલા બાદ ઈરાનની રાજધાની તેહરાન સહિતના પ્રમુખ શહેરો અને સૈન્ય મથકો પર હાઈ એલર્ટ જાહેર કરીને સુરક્ષા વધારી દેવામાં આવી છે અને લોકોમાં ભારે ફફડાટનો માહોલ છે. આ તરફ ઈરાને પણ અમેરિકાને જડબાતોડ જવાબ આપવાની કસમ ખાધી છે અને કેટલીક મિસાઈલો દાગીને પલટવાર પણ કર્યો છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાં સામેલ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરી એકવાર જંગનું મેદાન બનતા વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને ગેસની સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની ચિંતા વધી ગઈ છે, જેની સીધી અસર આંતરરાષ્ટ્રીય બજારો અને સુરક્ષા પર પડી શકે છે.


### કોર્ટમાં પછડાટ છતાં ટ્રમ્પ સરકાર નવેસરથી કોઈ ફી લાદે તેવો ડર હજુ યથાવત

# H-1B વિઝાની ૧ લાખ ડોલરની ફી રદ કરવાના ચુકાદાને ભારતીયોએ આવકાર્યો

## ટ્રમ્પે નવી એચ૧-બી વિઝા અરજીઓ માટે ૧,૦૦,૦૦૦ ડોલરની ફી વસૂલવા માટેનું જાહેરનામું બહાર પાડ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એચ૧-બી વિઝા પ્રોગ્રામ પર લાદવામાં આવેલી એક લાખ ડોલરની ફીને ગેરકાયદે ગણાવી રદ કરવાના અમેરિકાની સંઘીય કોર્ટના ચુકાદાથી ભારત સહિત વિશ્વભરના ટેક્નોલોજી પ્રોફેશલ્સમાં આનંદ છવાઈ ગયો છે. કોર્ટના ચુકાદાને મોટી રાહત ગણાવતાં ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ડાયસ્પોરા સ્ટડીઝ (એફઆઈઆઈડીએસ)ના ખાંડેરાવ કાંડે જણાવ્યું હતું કે, એચ૧-બી વિઝા પરની એક લાખ ડોલરની ફી રદ કરવાના માસાચુસેટ્સ ફેડરલ કોર્ટના ચુકાદાને અમે આવકારીએ છીએ. આ ચુકાદાથી એચ૧-બી વિઝા સાથે સંકળાયેલા તમામ




લોકોને મોટી રાહત થશે. તેમના મતે ટેક્નોલોજી, રિસર્ચ તથા ઉદ્યોગસાહસિકતા જેવા ક્ષેત્રોની વૈશ્વિક સ્પર્ધામાં અમેરિકાને અગ્રેસર રાખવામાં આ ચુકાદો મહત્વનો પુરવાર થશે. ટેક્નોલોજી, આરોગ્ય વ્યવસ્થા તથા આધુનિક ઉત્પાદન સહિતના અમેરિકાના તમામ ક્ષેત્રોના સતત વિકાસ માટે ઉચ્ચ કૌશલ્ય ધરાવતાં પ્રતિભાશાળી વૈશ્વિક પ્રોફેશ્નલ્સની ઉપલબ્ધિ જરૂરી છે. આ ચુકાદાએ એ પુરવાર કર્યુ છે કે, નીતિને લગતાં મોટાં ફેરફારો કાયદાની મર્યાદામાં રહીને તથા આર્થિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને કરવા જોઈએ. ઈન્ડિયા ડાયસ્પોરાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંજીવ જોશીપુરાના જણાવ્યાં અનુસાર, કોર્ટના આદેશથી હજારો ભારતીય પ્રોફેશ્નલ્સ માટે નવી આશા જન્મી છે. જોકે તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે, ચુકાદા બાદ ટ્રમ્પ કોઈ નવી ફી લાદી ના દે. તેમના મતે ટ્રમ્પ વહીવટતંત્ર, હજી પણ એચ૧-બી વિઝાધારકો પર નિયંત્રણો લાદવા પ્રયાસો કરી શકે તેવી આશંકા છે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્ટેમ્બરમાં, ટ્રમ્પે નવી એચ૧-બી વિઝા અરજીઓ માટે ૧,૦૦,૦૦૦ ડોલરની ફી વસૂલવા માટેનું જાહેરનામું બહાર પાડ્યું હતું.









### ભાજપ સરકારનો મહત્ત્વનો નિર્ણય

# મધ્ય પ્રદેશમાં સરકારી નોકરીમાં બે બાળકોની મર્યાદા ખતમ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશમાં સરકારી કર્મચારીઓ અને તેના માટે લાયક ઉમેદવારો માટે મોટા ગૂડ ન્યૂઝ છે. હવે તેમણે બે બાળકોના નિયમનું પાલન નહીં કરવું પડશે. મુખ્યમંત્રી મોહન યાદવે ગુરુવારે આ નવા પ્રસ્તાવને પાછો ખેંચવાના આદેશ સાથે જૂના નિયમોને પણ ખતમ કરવા માટે કહ્યું છે. મુખ્યમંત્રી યાદવે સૂચિત સિવિલ સર્વિસીસ રૂલ્સના ડ્રાફ્ટમાંથી એ નિયમ હટાવવાનો આદેશ આપ્યો છે, જે અંતર્ગત સરકારી નોકરીઓ માટે મહત્તમ બે બાળકોની મર્યાદા નક્કી કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી મોહન યાદવે સત્તાવાર પોર્ટલ પરથી આ ડ્રાફ્ટને તાત્કાલિક હટાવવા માટે કહ્યું છે. જોકે, આ નિયમ રાજ્યમાં ઘણો જૂનો છે. વર્ષ ૨૦૦૧માં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ જોગવાઈ લાગુ કરવામાં આવી હતી. જે અંતર્ગત, બે કરતાં વધુ જીવિત બાળકો ધરાવતાં ઉમેદવારોને સીધી ભરતી કે સરકારી વિભાગોમાં નિમણૂક માટે અયોગ્ય જાહેર કરવામાં આવતા હતા. મધ્ય પ્રદેશમાં વર્ષ ૨૦૦૧માં લાગુ કરવામાં આવેલા નિયમ પ્રમાણે ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ પછી બે કરતાં વધુ જીવિત બાળકો ધરાવતા લોકો સરકારી નોકરી માટે પાત્ર ગણાતા નહોતા. આ ઉપરાંત એમપી સિવિલ સર્વિસીસ (કન્ડક્ટ) રૂલ્સ ૧૯૬૫ હેઠળ બે કરતાં વધુ બાળકો હોવા એ સરકારી કર્મચારીઓ માટે કદાચાર માનવામાં આવતું હતું.

# તંત્રી લેખ......

## પાકિસ્તાનની ક્રૂરતા

ભારતે પીઓકે પર પાકિસ્તાની સૈન્યના પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરના લોકો સામેના દમનના ચક્રને ધ્યાનમાં લીધું છે તે સારું છે. આ જરૂરી હતું કારણ કે પાકિસ્તાની સૈન્યના ગોળીબારને કારણે ૩૦ લોકો માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે. વધુમાં, અસંતોષની જ્વાળાઓને શાંત કરવા માટે અસંખ્ય લોકોની ધરપકડ કરવામાં આવી છે અને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે, પરંતુ તેઓ ફક્ત અશાંતિને વેગ આપી રહ્યા છે. આનું કારણ પાકિસ્તાની સરકારે ત્યાંના લોકોને આપેલા વચનોનો ભંગ કર્યો છે. ગયા ઓક્ટોબરમાં મુઝફ્ફરાબાદ કરાર હેઠળ પાકિસ્તાની સરકારે ત્યાંના લોકોની સમસ્યાઓના નિરાકરણ માટે આપેલા વચનો પોકળ સાબિત થયા છે. મોંઘવારી વધતાં અને મૂળભૂત સુવિધાઓના અભાવે લોકોની ધીરજ ખૂટી ગઈ છે. આ પહેલી વાર નથી જ્યારે પાકિસ્તાન કબજા હેઠળના આ ભારતીય પ્રદેશના લોકોએ તેમની ઉપેક્ષા અને દુ:ખથી હતાશ થઈને બળવો કર્યો હોય. તેઓએ પહેલા પણ આવું કર્યું છે, પરંતુ હંમેશા બદલો લેવામાં આવ્યો છે. પાકિસ્તાન આ કબજા હેઠળના ભારતીય પ્રદેશના સંસાધનોનો ઉપયોગ કરે છે પરંતુ તેના લોકોને મૂળભૂત સુવિધાઓ પણ પૂરી પાડવામાં નિષ્ફળ જાય છે. ભારતને હેરાન કરવા માટે વારંવાર કાશ્મીરનો ઉપયોગ કરતું પાકિસ્તાન હવે પોતાના લોકો પર એવો જુલમ કરી રહ્યું છે કે તેનો કોઈ અસાધારણ અનુભવ નથી. નિ:શંકપણે, ભારત માટે કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં બગડતી પરિસ્થિતિ પર ફક્ત ચિંતા વ્યક્ત કરવી પૂરતું નથી. ત્યાંની ચિંતાજનક પરિસ્થિતિ પર આંતરરાષ્ટ્રીય સમુદાયનું ગંભીર ધ્યાન દોરવા માટે પગલાં લેવા પણ જરૂરી છે. એ વાત સાચી છે કે ૫૦ બ્રિટિશ સાંસદોએ ત્યાંના લોકો પર થઈ રહેલા અત્યાચારો પર ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ યુરોપિયન યુનિયન અને ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ શા માટે ચૂપ છે? આ દેશોનું મૌન માનવાધિકારોના ક્રૂર ઉલ્લંઘન અંગેના તેમના બેવડા ધોરણોને જ દર્શાવે છે. ભારતના હિતમાં છે કે વિશ્વ સમુદાય આ ભારતીય પ્રદેશ પર પાકિસ્તાનના ગેરકાયદેસર કબજાથી સંપૂર્ણપણે વાકેફ હોય. આનાથી પાકિસ્તાન પર દબાણ આવશે અને આ પ્રદેશ પર ભારતના દાવાને મજબૂત બનાવવામાં આવશે. ભારતે કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર પરના તેના દાવાને મજબૂત બનાવવામાં વધુ સક્રિય રહેવું જોઈએ, કારણ કે આ પ્રદેશ પર પાકિસ્તાનનો ગેરકાયદેસર કબજો ભારતને અફઘાનિસ્તાન સુધી સીધો પ્રવેશ સ્થાપિત કરવાથી રોકી રહ્યો છે. ભારતે સંસદમાં પસાર થયેલા ઠરાવ પ્રત્યે પ્રતિબદ્ધ રહેવું જોઈએ જેમાં કહેવામાં આવ્યું છે કે તે આ પ્રદેશ પાછો મેળવવા અને તેની સરહદ અફઘાનિસ્તાન સુધી લંબાવવા માટે ગંભીર છે.

# ગાંધીનગરના મુખ્યમંત્રી કાર્યાલય, એએમસી અને આરએસએસ કાર્યાલય ને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા દોડધામ: બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમે તપાસ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ૧ ના મુખ્યમંત્રી કાર્યાલય, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની મુખ્ય કચેરી અને આરએસએસ કાર્યાલય ને બોમ્બ થી ઉડાવી દેવાના ધમકીભર્યો ઈ-મેઈલ મળતા સમગ્ર રાજયની સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર આવી ગઈ છે.

મુખ્યમંત્રી કાર્યાલય અને આરએસએસ કાર્યાલયને નિશાન બનાવવાનો ઈ-મેઈલ આવતા ગાંધીનગર માં દોડધામ મચી જવા પામી હતી. ગાંધીનગરના સચિવાલય પરીસરમાં આવેલા સ્વર્ણિમ સંકુલ ૧ માં સ્થિત મુખ્યમંત્રી કાર્યાલય ને બપોરે ૧:૧૧ કલાકે અને આરએસએસ કાર્યાલયને સાંજે ૫:૧૧ કલાકે વિસ્ફોટ થી ઉડાવી દેવાની ગંભીર ધમકી ઈ-મેઈલ દ્વારા આપવામાં આવતા સવાર થી જ સ્વર્ણિમ સંકુલ ૧ માં સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ



શરૂ કર્યો હતો. આ ઈ-મેઈલ મળતા જ તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી હતી અને સાવચેતીના ભાગરૂપે સ્વર્ણિમ સંકુલ ૧ ના તમામ વિભાગોની ઓફીસોને તાત્કાલીક ખાલી કરાવી દેવામાં આવી હતી. તો બીજી તરફ અમદાવાદના ખમાસા વિસ્તારમાં આવેલી મ્યુનિસીપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીને પણ આવી જ રીતે બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળી હતી. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ઓફીશીયલ વેબસાઈટ પર મુકવામાં આવેલા આ ધમકીભર્યા મેઈલના પગલે મ્યુનિસીપલ કચેરીમાં કામ કરતા કર્મચારીઓ અને મુલાકાતીઓમાં ગભરાહટ ફેલાઈ જવા પામી હતી. આ ઘટનાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસનો મોટો કાફલો, બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી ગઈ હતી. સુરક્ષા ટીમો દ્વારા સઘન ચેકીંગ અને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ધમકીભર્યો ઈમેઈલ કયાંથી અને કોને મોકલ્યો છે તેની ભાળ મેળવવા માટે સાયબર ક્રાઈમની ટીમ પણ સક્રિય થઈ ગઈ છે.

# ભણશે ગુજરાત કે રઝળશે ગુજરાત ? બોગસ ડીમોલેશનની કિંમત ચુકવતા માસુમ બાળકો: કાટમાળમાં દબાયા દફતર- ચોપડાં

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના કતારગામ દરવાજા પાસે આવેલા નાસીરનગર વિસ્તારમાં થયેલા કથિત બોગસ અને ગેરકાયદેસર ડીમોલેશનનો મુદ્દો હવે માનવતાવાદી કટોકટીમાં ફેરવાઈ ગયો છે. રાજયભરમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચુકયો છે અને શાળાઓના દરવાજાઓ પણ ખુલી ગયા છે. ત્યારે નાસીરનગર ના ગરીબ અને મધ્યમવર્ગીય પરીવારોના માસુમ બાળકો સ્કુલે જવાને બદલે પોતાના ઘરના કાટમાળ વચ્ચે આંસુ સારી રહ્યા છે. તંત્રની અણઘડ અને શંકાસ્પદ કામગીરીના કારણે આ સ્થાનિકો રહીશો જ નહી પણ તેમના બાળકોના ભવિષ્ય પર પણ જોખમ ઉભુ થયુ છે. સ્થાનિક લોકોએ અત્યંત હૃદયદ્રાવક વ્યથા ઠાલવતા જણાવ્યુ હતુ કે ઓચિંતા કરવામાં આવેલા આ ડીમોલેશનના કારણે બાળકોના કપડાં, શાળાના પુસ્તકો, નોટબુક અને બેગ બધુ જ કાટમાળ નીચે દબાઈ ગયુ છે. સરકાર એક તરફ ભણશે ગુજરાત, આગળ વધશે ગુજરાત, અને શાળા પ્રવેશોત્સવ




ના મોટા મોટા બણગાં ફુંકે છે. પરંતુ અહીં વાસ્તવિકતા તદ્દન અલગ જ છે, જે ગલીઓમાં ગઈ કાલ સુધી બાળકો મુકત મને રમતા હતા અને ભણતા હતા, તે ગલીઓ આજે કાટમાળનો ઢગલો બની ગઈ છે. બાળકો આજે રમે તો કયાં રમે ? તેઓ પોતાના ઘર અને પુસ્તકો શોધી રહ્યા છે. તો બીજી તરફ આટલી ગંભીર ઘટના બની હોવા છતાં સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય નેતાઓ સંવેદનહીન બનીને માત્ર જવાબદારીઓમાંથી છટકી રહ્યા છે. પાલિકા કમિશ્નર, મેયર, ડે. મેયર , સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને સત્તાધારી પક્ષના નેતાઓ તપાસના નામે માત્ર એક બીજા પર દોષારોપણ કરીને ખો-ખો રમી રહ્યા છે. આ ડીમોલેશન આખરે કોણે કર્યુ? કોના આદેશથી કર્યુ ? અને કોના ઈશારે આખુ ઓપરેશન પાર પાડવામાં આવ્યુ ? તે સવાલો આજે પણ અકબંધ છે. તંત્રની તપાસ અત્યાર સુધી બિલકુલ શુન્ય સાબિત થઈ છે. જયારે ભોગ બનનાર પરીવારો ન્યાયની આશામાં રઝળી પડયા છે.

# સાબરકાંઠા પોલીસનુ ઓપરેશન : એલસીબીને મળી મોટી સફળતા: ઓપરેશન કારાવાસ-૨ હેઠળ લાખોની ચોરીનો ફરાર આરોપી ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયભરમાં ગુન્હાખોરી ડામવા અને ફરાર આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલવા માટે હાથ ધરવામાં આવેલા ઓપરેશન કારાવાસ-૨ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ને એક મહત્વની સફળતા સાંપડી છે. લાંબા સમયથી પોલીસને થાપ આપીને ફરતા એક આરોપીને પોલીસે બાતમીના આધારે ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે.

તલોદની એક ખાનગી કંપનીમાંથી લાખો રૂપીયાનો એલ્યુમીનિયમ ભંગાર ચોરી કરી ફરાર થયેલા આ આરોપીની ધરપકડ બાદ જિલ્લામાં પોલીસની સતર્કતાની ચારે બાજુ પ્રશંસા થઈ રહી છે.

ઘટનાની વિગત એવી છે કે તલોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી એન્ટીક એકસટ્રુઝન પ્રા. લી. નામની કંપનીમાં ગત ફેબ્રુઆરી મહિનામાં એક મોટી ચોરી થઈ હતી. આરોપી સાહિલ પરેશભાઈ ભરથરી અને તેના અન્ય સાગરીતોએ ભેગા મળીને રાત્રીના અંધારામાં કંપનીના સંકુલમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો. ગુલાબની મુવાડી ગામની સીમમાં આવેલી આ કંપનીમાંથી તેમણે અંદાજે ૧૨૦૦ કિલો જેટલો એલ્યુમિનીયમ સેકશનનો ભંગાર ચોરી કર્યો હતો. જેની બજાર કિંમત આશરે રૂપીયા ૩ લાખ જેટલી થવા જાય છે. આ ચોરી અંગે તલોદ પોલીસ મથકમાં કલમ- ૩૦૫ (એ), ૩૩૧ (૩) અને



૩૩૧(૪) હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યારથી જ આરોપી સાહિલ પોલીસ પકકડથી દુર હતો.

સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ગાંધીનગર રેન્જના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ફરાર આરોપીઓને ઝડપી લેવા માટે એલસીબી સતત કાર્યરત છે. એલસીબી પીઆઈ ડી સી સાકરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ જે ચાવડા અને તેમની ટીમે પોતાના હ્યુમન સોર્સિંગ (બાતમીદારો) ના આધારે આ આરોપીઓ કયાં છુપાયા છે તેની તપાસ શરૂ કરી હતી. પોલીસને ચોકકસ બાતમી મળી હતી કે તલોદના ગુન્હાનો ફરાર આરોપી સાહિલ પરેશભાઈ ભરથરી (રહે. વગદા, તાલુકો પાલનપુર, જી.બનાસકાંઠા) હિંમતનગરના મહેતાપુરા નજીક આવેલ એનજી સર્કલ ચોકડી પાસે કોઈ વાહનની રાહ જોઈ રહ્યો છે. બાતમી મળતાની સાથે જ એલસીબીની ટીમે સમયનો બગાડ કર્યા વિના હિંમતનગરના મહેતાપુરા ખાતે દોડી આવ્યા હતા, મહેતાપુરા એનજી સર્કલ નજીક પહોચેલી પોલીસની ટીમે બાતમી મુજબના વર્ણનવાળા યુવકને જોતા જ તેને ઘેરી લીધો હતો. પોલીસને જોઈને આરોપી સાહિલ કઈ સમજે તે પહેલા જ તેને ઝડપી લેવામાં આવ્યો હતો. પુછપરછ દરમિયાન તેણે પોતાની ઓળખ સાહિલ પરેશભાઈ ભરથરી તરીકે આપી હતી. જેની કબુલાત બાદ તલોદની કંપનીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો હતો. ધરપકડ બાદ તેને પ્રાથમિક પુછપરછ માટે એલસીબી કચેરી લાવવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડ કર્યા બાદ સાબરકાંઠા એલસીબીની ટીમે નિયમ અનુસાર તેને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે તલોદ પોલીસ સ્ટેશનને સુપ્રત કર્યો હતો. તલોદ પોલીસ હવે આ આરોપીને કોર્ટમાં રજુ કરી તેના રીમાન્ડ મેળવવાની તૈયારી કરી રહી છે. જેથી તેની સાથે અન્ય કયા સાગરીતો સામેલ હતા અને ચોરી કરેલો માલ સામાન કયા વેચ્યો છે તે અંગે વધુ માહિતી મેળવી શકાય. આ કાર્યવાહીમાં એલસીબીની આખી ટીમે જે ત્વરીત અને અસરકારક કામગીરી કરી છે તે ગુન્હેગારોમાં ફફડાટ ફેલાવવા માટે પુરતી છે.

# જાપાન બાદ નેપાળે પણ ભારતીય કેરીની નિકાસ પર પ્રતિબંધ મુક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતીય કૃષિ ઉત્પાદનો, ખાસ કરીને વિશ્વભરમાં લોકપ્રિય એવી ભારતીય કેરી માટે હાલનો સમય થોડો પડકારજનક જણાઈ રહ્યો છે. તાજેતરમાં જાપાન દ્વારા લેવામાં આવેલા કડક નિર્ણય બાદ, હવે પાડોશી દેશ નેપાળે પણ ભારતીય કેરીની આયાત પર રોક લગાવી દીધી છે. ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના માપદંડોને લઈને લેવામાં આવેલ આ નિર્ણયથી ભારતીય કેરીના નિકાસકારો અને બજાર પર અસર પડી શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, નેપાળના અધિકારીઓના જણાવ્યા અનુસાર, લેબોરેટરી તપાસ દરમિયાન ભારતીય કેરીની કેટલીક ખેપોમાં નિર્ધારિત મર્યાદા કરતા વધુ માત્રામાં જંતુનાશકો મળી આવ્યા હતા. નેપાળ સરકારનું કહેવું છે કે આ નિર્ણય માત્ર દેશના ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન કરાવવા માટે લેવામાં આવ્યો છે, અને તેનો હેતુ ભારત સાથેના વેપારી સંબંધોને નુકસાન પહોંચાડવાનો નથી. આ પ્રતિબંધ લાગુ થયા તે પહેલાં જ લગભગ ૧૫.૮ મેટ્રિક ટન ભારતીય કેરી નેપાળ પહોંચી ગઈ હતી, જેની કિંમત અંદાજે ૧૦ લાખ નેપાળી રૂપિયા હોવાનું મનાય છે.

### બાંગ્લાદેશ ક્રિકેટ ટીમે રચ્યો ઈતિહાસ

# ૨૧ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયાને વન-ડેમાં હરાવવામાં બાંગ્લાદેશ સફળ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશ ક્રિકેટ ટીમે ઢાકાના મેદાન પર એક નવો ઈતિહાસ રચ્યો છે. ૯ જૂનના રોજ રમાયેલી વનડે મેચમાં બાંગ્લાદેશે મજબૂત ગણાતી ઓસ્ટ્રેલિયાની ટીમને ૮૬ રનથી હરાવી દીધી છે. બાંગ્લાદેશ માટે આ જીત ખૂબ જ ખાસ છે, કારણ કે તેમણે ૨૧ વર્ષના લાંબા ગાળા પછી ઓસ્ટ્રેલિયાને વનડે મેચમાં હરાવ્યું છે. આ પહેલા બાંગ્લાદેશે વર્ષ ૨૦૦૫માં ઓસ્ટ્રેલિયા સામે વનડેમાં પોતાની પહેલી જીત મેળવી હતી. આ મેચમાં વરસાદ પડવાને કારણે ડકવર્થ લુઈસ (DLS) નિયમ મુજબ બાંગ્લાદેશને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમે શાનદાર પ્રદર્શન કરતા ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૮૪ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ટીમ તરફથી ટોપ ઓર્ડરમાં તંજીદ હસને ૫૪ રન અને નજમુલ હુસૈન શાંતોએ ૬૭ રનની ઈનિંગ્સ રમી હતી. જોકે, આકર્ષણનું કેન્દ્ર ૪ વર્ષ પછી વનડે ટીમમાં વાપસી કરી રહેલો મોસાદેક હુસૈન રહ્યો હતો, જેણે લોઅર ઓર્ડરમાં આવીને સૌથી વધુ ૮૬ રનની અણનમ ઈનિંગ્સ રમી ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી નાથન એલિસે સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે લિયામ સ્કોટ અને મેટ રેનશોને ૨-૨ વિકેટ મળી હતી.

૨૮૫ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ઓસ્ટ્રેલિયાએ શૂન્ય રન પર જ પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી હતી અને સ્કોર ૨ રન પર પહોંચતા બીજી વિકેટ પણ પડી ગઈ હતી. બાંગ્લાદેશના ફાસ્ટ બોલર નાહિદ રાણાએ ઘાતક બોલિંગ કરીને ઓસ્ટ્રેલિયાના ૪ બેટર્સને આઉટ કર્યા હતા. જ્યારે મોસાદેક હુસૈને બોલિંગમાં પણ કમાલ કરતા ૨ વિકેટ ઝડપી હતી.

ઓસ્ટ્રેલિયા તરફથી કેમેરોન ગ્રીને અણનમ ૫૨ રનની ફિફ્ટી ફટકારીહોવા છતાં તે પોતાની ટીમને જીત અપાવી શક્યો નહોતો. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમે ૪૨.૨ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૯૧ રન બનાવ્યા હતા, ત્યારે અચાનક જોરદાર વરસાદ શરૂ થયો હતો. વરસાદ ન રોકાવાને કારણે આખરે ડકવર્થ લુઈસ (DLS) નિયમ લાગુ કરવામાં આવ્યો અને બાંગ્લાદેશને ૮૬ રનથી વિજેતા જાહેર કરવામાં આવ્યું. બેટિંગ અને બોલિંગ બંનેમાં અદ્ભુત પ્રદર્શન કરનાર મોસાદેક હુસૈનને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો. આ જીત સાથે બાંગ્લાદેશે ૩ મેચની વનડે સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે અને સિરીઝની આગામી મેચ ૧૧ જૂને ઢાકાના આ જ મેદાન પર રમાશે.

### લગ્નના નામે વધુ એક છેતરપિંડી

# દંપતીએ લગ્નના બહાને કુટુંબીઓ અને પાડોશીઓ પાસેથી ૪૫ લાખ ચાંઉ કર્યા

## મહિલાની ફરિયાદના આધારે પોલીસે ઠગ દંપતી વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા શહેરમાં સંબંધોને લાંછન લગાડતો વિશ્વાસઘાત-ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. લગ્નપ્રસંગના બહાને દંપતીએ કુટુંબીઓ અને પાડોશીઓ પાસેથી સોનાના દાગીના અને રોકડ રકમ સહિત કુલ ૪૫.૯૨ લાખની માલમત્તા ચાંઉ કરી લીધી હોવાનો કિસ્સો માણસા પોલીસમાં નોંધાયો છે. મહિલાની ફરિયાદના આધારે પોલીસે ઠગ દંપતી વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.ઠગાઈ અંગે ઉષાબા ગીરીરાજસિંહ રાઠોડ (રહે.માણસા)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગાંધીનગરના સેક્ટર-૨૭ ખાતે રહેતા તેમના કુટુંબી ભાભી કૈલાશબા અને તેના પતિ જીતેન્દ્રસિંહ રણજીતસિંહ રાઓલે અનેક પરિવારોને પોતાની જાળમાં ફસાવ્યા છે. તે મૂળ માણસાના વતની છે. ગત ૨૭ માર્ચ, ૨૦૨૧ના રોજ આ દંપતીએ લગ્ન પ્રસંગના બહાને ઉષાબા પાસેથી ૨૦ હજાર ઉછીના લીધા હતા અને બે મહિનામાં પરત આપવાનું વચન આપી લખાણવાળું વાઉચર આપ્યું હતું. તે પછી દંપતીએ ૨૮ એપ્રિલ, ૨૦૨૧ના રોજ ફરીથી લગ્નમાં પહેરામણી કરવાના બહાને સોનાના ઘરેણાં માંગ્યા હતા. ભાઈ-ભાભી પર વિશ્વાસ રાખીને ઉષાબાએ સોનાનો સેટ, મંગળસૂત્ર, સોનાનો પંજો અને કાનની સેર મળી કુલ રૂ.૧૧.૩૭ લાખના દાગીના આપ્યા હતા. સમય મર્યાદા પૂર્ણ થતાં ઉષાબાએ પોતાના ઘરેણાં અને રોકડ રકમ પરત માંગવાનું શરૂ કર્યું ત્યારે ઠગ દંપતીએ ગલ્લા-તલ્લા શરૂ કર્યા હતા. જેથી ઉષાબાને શંકા જતાં તેમણે આસપાસ અને સગાંઓમાં તપાસ કરી તો જાણવા મળ્યુ કે આ દંપતીએ પાડોશમાં અને સંબંધોમાં રહેતા અન્ય ૫ પરિવારોને પણ આ જ રીતે વિશ્વાસમાં લઈ લાખોના દાગીના પડાવ્યા છે.

આમ, ઠગ દંપતીએ પોતાના નજીકના લોકો પાસેથી કુલ રૂ. ૪૫,૯૨,૩૦૦ની મત્તાના દાગીના અને રોકડ મેળવી વાઉચરો લખી આપ્યા હતા, પરંતુ આજદિન સુધી કોઈને રકમ કે ઘરેણાં પરત ન આપી છેતરપિંડી આચરી હતી.

# ડિંડોલીમાં સાડા ૪ વર્ષનો માસૂમ રમતા-રમતા કાચની લખોટી ગળી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

નાના બાળકો ઘરમાં રમતા હોય, ત્યારે તેમના પર સતત નજર રાખવી કેટલી જરૂરી છે, તે દર્શાવતો એક ચોંકાવનારો કિસ્સો સુરત શહેરમાંથી સામે આવ્યો છે. સુરતના ડિંડોલી વિસ્તારમાં એક સાડા ચાર વર્ષનું માસૂમ બાળક રમતા-રમતા કાચની લખોટી ગળી ગયું હતું. આ ઘટનાને પગલે બાળકના પરિવારજનોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા અને ઘરમાં ભારે દોડધામ મચી ગઈ હતી.ઘટનાની મળતી માહિતી અનુસાર, સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતો સાડા ચાર વર્ષનો બાળક ઘરમાં કાચની લખોટીઓથી રમી રહ્યો હતો. આ દરમિયાન રમતમાં ને રમતમાં તેણે એક લખોટી મોઢામાં મૂકી દીધી હતી, અને જોતજોતામાં તે લખોટી ગળી ગયો હતો. બાળક લખોટી ગળી ગયું હોવાની જાણ થતાં જ માતા-પિતા ભારે ગભરાઈ ગયા હતા, કારણ કે લખોટી શ્વાસનળીમાં અટકી જવાનો મોટો ખતરો હતો. પરિવારજનોએ જરાય સમય બગાડ્યા વિના બાળકને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યો હતો. સિવિલ હોસ્પિટલના તબીબોએ પણ ઘટનાની ગંભીરતા સમજીને બાળકને તાત્કાલિક ઈમરજન્સી સારવાર આપી હતી. સમયસર તબીબી સારવાર મળી જતાં એક મોટી દુર્ઘટના ટળી હતી અને હાલ બાળકની સ્થિતિ સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ નાના બાળકોના માતા-પિતાને ખાસ અપીલ કરી છે કે, ઘરમાં સિક્કા, કાચની લખોટી, નાના રમકડાં કે સોય-બટન જેવી નાની વસ્તુઓ બાળકોના હાથમાં ન આવે તેનું ખાસ ધ્યાન રાખવું. આવા કિસ્સાઓમાં જો વસ્તુ શ્વાસનળીમાં ફસાઈ જાય તો બાળકનો જીવ જોખમમાં મુકાઈ શકે છે, જેથી વાલીઓએ હંમેશા સતર્ક રહેવું જરૂરી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# સુરત મહાનગરપાલિકાની યુનિયન ઓફિસોના રાત્રે ૧૨ વાગ્યે તાળાં સેન્ટ્રલ ઝોને ડેપ્યુ.કમિશ્નર નિધિ સિવાચના કહેવાથી તોડયા હતા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

નાસિર નગરના મકાનોના ડિમોલિશન થતાં જ કાયદો શું છે અને જાગૃત મીડિયાએ કોર્પોરેશન અને પોલીસ અધિકારીઓને ભીંસમાં લીધા છે.યુનિયન ઓફિસના તાળાં કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા વગર રાતોરાત તાળાં તોડયા ત્યારે કાયદો ક્યાં હતો? કાયદાની મર્યાદાની વાતો કરનાર અધિકારી કાયદાની બહાર જઈ કઈ રીતે વર્તી શકે? યુનિયન ઓફિસના તાળાં તોડવામાં પણ સેન્ટ્રલ ઝોન અધિકારીઓએ ડેપ્યુ. કમિશ્નર નિધિ સિવાચ ના હુકમથી કામગીરી કરી છે. યુનિયન ઓફિસના તાળાં કોના હુકમથી તોડયા તેનો

**યુનિયનોનો પોલીસ ફરિયાદ અંગે પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી, માત્ર ફરિયાદીઓના જવાબ લેવાયા પરંતુ મધ્યરાત્રિએ તાળાં તોડનારાના પોલીસ નિવેદન ક્યારે લેશે?**

ખુલાશો નિધિ સિવાચ અને સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ કરે.

યુનિયન ઓફિસો ખાલી કરાવવામાં ૯૯૦૦ જેટલી ફાઈલો ગુમ કરી દીધી છે. યુનિયન ઓફિસોનો સામાન બહાર ખસેડવા માટે મ.ન.પા એ જુદા-જુદા ઝોનો માંથી ટ્રકો બોલાવી હતી. યુનિયન ઓફિસના સામાન તો બહાર ખુલ્લામાં જ ફેંકી દીધો ત્યારે મ.ન.પા ના અધિકારીઓ આ ટ્રકોમાં શું ભરી ગયા તે જાહેર કરે. ગુમ ફાઈલોની તપાસ કરનાર અધિકારીઓ ફાઈલો શોધવામાં ઝીણવટ ભરી તપાસ કરે તે જરૂરી છે.

# સબસિડીવાળા ઉજ્જવલા યોજનાના સિલિન્ડર હવે દર વર્ષે નવ ને બદલે મળશે માત્ર ને માત્ર ચાર સિલિન્ડર

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશભરમાં ઈંધણમાં વધી રહેલા ભાવોને લઈને ઘરેલુ LPG ના ભાવમાં વધારા બાદ, મોદી સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) હેઠળ પૂરા પાડવામાં આવતા સબસીડીવાળા સિલિન્ડરનો વાર્ષિક ક્વોટા નવથી ઘટાડીને ચાર કર્યો છે. સરકારે ગરીબ પરિવારો માટે સબસીડી વાળા રસોઈ ગેસ સિલિન્ડરનો વાર્ષિક ક્વોટા માત્ર ચાર કરતા ગરીબ પરિવારોને હાલાકી ભોગવવાનો વારો આવશે.

રવિવારે ૧૪.૨ કિલોગ્રામ LPG સિલિન્ડરના રૂપિયા ૨૯ ના ભાવ વધારા બાદ આ નિર્ણય જાહેર જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદના નિવેદનમાં આ ઘટાડાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સરકારી નિર્ણયથી ગ્રામીણ વિસ્તારોની મહિલાઓ સૌથી વધુ હેરાન થશે. પરંપરાગત રસોઈ ચૂલાઓથી થતા પ્રદૂષણથી બચાવવા માટે મોદી સરકારે આ યોજના શરૂ કરી હતી. અને તેનો ભારે પ્રચાર પણ કર્યો હતો.

સરકારે આ નિર્ણય શા માટે લીધો? તેલ કંપનીઓ દ્વારા થયેલા નુકસાનને લઈ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર રાજ્યની માલિકીની તેલ કંપનીઓ હજુ પણ ૧૪.૨ કિલોગ્રામ LPG રિફિલ દીઠ રૂપિયા ૭૦૦/- પેટ્રોલ પર પ્રતિ લીટર રૂપિયા ૬ અને ડીઝલ પર પ્રતિ લીટર રૂપિયા ૩૦ નું નુકસાન (અંડર-રિકવરી) ભોગવી રહી છે.

સબસીડી બિલ માં વધારોઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય ઉર્જા બજારમાં નોંધપાત્ર અસ્થિરતા આવી છે. ૨૦૨૫-૨૬ માં ઘરેલું LPG પર કુલ નુકસાન રૂપિયા ૬૦૦૦૦ કરોડ થયું હતું. જે પાછલા વર્ષમાં રૂપિયા ૪૧,૩૩૮ કરોડ હતું. આ નુકસાનને સરભર કરવા માટે કેન્દ્રીય મંત્રી મંડળે તેલ કંપનીઓ માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડના વળતરને મંજૂરી આપી હતી. આ વધતાં બજેટ બોજને સંચાલિત કરવા માટે સરકારે સબસીડી નો અવકાશ ઘટાડયો છે.

ઉજ્જવલા યોજના અને સરેરાશ વપરાશ ડેટા પર આધારિત તર્કઃ સરકારનો દાવો છે કે દર વર્ષે ચાર સિલિન્ડરની મર્યાદા ઉજ્જવલાના પરિવારોના સરેરાશ વપરાશ સાથે ગાઢ રીતે સુસંગત છે.

# પ્રદેશ ભાજપ હવે સીનીયર નેતાઓની શિખામણ લઈ સંગઠન ચલાવશે? : પ્રદેશ ભાજપે દરેક શહેર-જિલ્લામાંથી ભાજપના જુના સીનીયર નેતાઓનુ લીસ્ટ મંગાવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપ સંગઠન હવે સીનીયર નેતાઓની શિખામણ લઈ સંગઠન ચલાવવાની મુહીમ ધરાવી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. ગુજરાતમાં પાલિકા-પંચાયતોની ચુંટણીઓ બાદ બદલાયેલી રાજકીય સ્થિતિમાં સત્તાધારી પક્ષ ભાજપે ફરી એક વખત ભાજપના સીનીયર નેતાઓ તરફ નજર દોડાવી છે અને છેલ્લા કેટલાક વરસોથી વિના કારણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા તેમજ જુથવાદ નો ભોગ બનેલા લોકોને ફરી સક્રિય કરવા પ્રદેશ કક્ષાએથી નિર્ણય લેવાયો હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

મળતી માહિતી મુજબ પ્રદેશ ભાજપ દ્વારા દરેક શહેર / જિલ્લા પ્રમુખો પાસેથી જુના પદાધિકારીઓ, ધારાસભ્યો, સાંસદો અને કોર્પોરેટરોની યાદી મંગાવી છે. ભાજપના સુત્રોના કહેવા પ્રમાણે દરેક શહેર / જિલ્લામાંથી સીનીયર નેતાઓના નામોનુ લીસ્ટ મળ્યા બાદ તેમાંથી કેટલાક નેતાઓને પ્રદેશ કક્ષાએ સંગઠનમાં સમાવી સક્રિય કરવામાં આવશે. જયારે બાકીનાને સ્થાનિક સંગઠનોમાં મહત્વ આપવામાં આવશે. ત્રણેક દિવસ અગાઉ આ બાબતે પ્રદેશ ભાજપમાંથી શહેર / જિલ્લા પ્રમુખોને સુચના આપી હોવાથી સ્થાનિક કક્ષાએ લીસ્ટ બનાવવાનુ શરૂ કરાયુ છે. જો કે આ લીસ્ટ મોકલવામાં વ્હાલા દવલાની નીતી અપનાવાય તો સ્થાનિક કક્ષાએ વિવાદ વકરવાની પુરેપુરી શકયતા છે. જો કે લીસ્ટ મંગાવવા પાછળ સંગઠનમાં સક્રિય કરવાની બાબત જ છે કે બોર્ડ નિગમની નિમણુંકો ? તે અંગે ચર્ચાએ જોર પકડયુ છે.



# સીનીયર કેજી ની ૫ જેટલી વિદ્યાર્થીનીઓ સાથે ૫૫ વર્ષીય શિક્ષક દ્વારા કથિત રીતે શારીરિક અડપલાં અને યૌન શોષણ કરવામાં આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી સીનીયર કેજીની ૫ જેટલી વિદ્યાર્થીનીઓ સાથે ૫૫ વર્ષીય શિક્ષક દ્વારા કથિત રીતે શારીરિક અડપલા અને યૌન શોષણ કરવામાં આવ્યું હોવાનો ચોંકાવનારો મામલો બહાર આવ્યો છે. ફરીયાદના આધારે પાટણવાવ પોલીસે આરોપી શિક્ષક દેવાણંદ બેરાની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસ ફરીયાદ મુજબ આરોપી શિક્ષક દેવાણંદ બેરા એ ૨૮ જુન ૨૦૨૫ થી ૨ મે ૨૦૨૬ દરમિયાન શાળાના વર્ગખંડમાં અભ્યાસ કરતી નાની નાની બાળકીઓ સાથે અયોગ્ય શારીરિક હરકતો કરવામાં આવી હતી. આરોપીએ વિદ્યાર્થીનીઓની નાની ઉંમર અને નિર્દોષતાનો લાભ લઈ તેમની સાથે શારીરિક અડપલાં




કર્યા હોવાનો તેમજ કેટલાક કિસ્સાઓમાં ગંભીર પ્રકારના યૌન શોષણના આક્ષેપો કરવામાં આવ્યા છે. મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જયારે એક વિદ્યાર્થીનીએ પોતાના માતા પિતાને બેડ ટચ અંગે જાણ કરી હતી. ત્યારબાદ વાલીઓએ અન્ય વિદ્યાર્થીનીઓ સાથે વાતચીત કરતા વધુ ૪ બાળકીઓ પણ ભોગ બનનાર હોવાનુ બહાર આવ્યુ હતું. ઘટનાની જાણ થતા વાલીઓ અને સ્થાનિક સ્તરે ભારે રોષ ફેલાયો હતો. એક વિદ્યાર્થીનીની ૩૨ વર્ષીય માતાએ ૮ જુન ૨૦૨૬ ના રોજ રાજકોટ ગ્રામ્યના પાટણવાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫ (૨), ૩૫૧(૨), ૬૪ (૨) તેમજ પોકસો એકટ હેઠળની કલમ ૬, ૮ અને ૧૦ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ત્યારબાદ પોલીસે ૯ જુનના રોજ આરોપીની ધરપકડ કરી હતી.

તપાસ અધિકારી વાય એમ ગોહિલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ભોગ બનનાર બાળકીઓ અને તેમના વાલીઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. ઉપરાંત બાળકીઓ તેમજ આરોપીનુ મેડીકલ પરીક્ષણ પણ કરાવવામાં આવ્યુ છે. પ્રાથમિક તપાસમાં શાળામાં સીસીટીવી કેમેરા ન હોવાનુ બહાર આવ્યુ છે. જેના કારણે તપાસમાં અન્ય પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે વધુમાં જણાવ્યુ હતુ કે ભોગ બનનાર બાળકીઓના નિવેદનો બીએનએસ ની કલમ ૧૮૩ હેઠળ મેજીસ્ટ્રેટ સમક્ષ નોંધાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં આરોપી છેલ્લા ૩ વરસથી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હોવાનુ જાણવા મળ્યુ છે. તો બીજી તરફ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલે જણાવ્યુ હતુ કે શિક્ષક વિરૂધ્ધ નોંધાયેલી ફરીયાદ અંગે વિભાગને ૯ જુનના રોજ માહિતી પ્રાપ્ત થતા જ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીને તપાસ સોંપવામાં આવી હતી. સાથે જ આરોપી શિક્ષક દેવાણંદ બેરાને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ સમગ્ર શિક્ષણ જગતમાં ચિંતા ઉભી કરી છે. નાની વયની વિદ્યાર્થીનીઓની સુરક્ષા અને શાળાઓમાં દેખરેખ વ્યવસ્થા અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. પોલીસ દ્વારા કેસની તમામ દિશામાં તપાસ ચાલુ હોવાનુ જણાવાયુ છે.

# ગુજરાત સરકારના કર્મચારીઓ માટે જુથ વિમા યોજના-૧૯૮૧ હેઠળ બચત ફંડ પર વ્યાજ સહિત ચુકવણીનો નવો પરીપત્ર જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નાણાં વિભાગ દ્વારા જુથ વિમા યોજના- ૧૯૮૧ હેઠળ બચત ફંડ અને વિમા રકમની ચુકવણી અંગે નવો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી નિવૃત્ત થતા કર્મચારીઓ તેમજ સેવા દરમિયાન અવસાન પામેલા કર્મચારીઓના પરીવારજનોને આર્થિક રીતે વધુ લાભ મળશે.

નાણાં વિભાગના આ નવા પરીપત્ર મુજબ ૧ એપ્રિલ ૨૦૨૬ થી ૩૦ જુન ૨૦૨૬ દરમિયાન નિવૃત્ત થયેલા અથવા અવસાન પામેલા રાજય સરકારના કર્મચારીઓને તેમની બચત ફંડની રકમ વ્યાજ સહિત ચુકવવામાં આવશે. સરકારે બચત ફંડ પર ૭.૧ ટકા વાર્ષિક વ્યાજદર નકકી કર્યો છે.



જેના આધારે ચુકવણીની ગણતરી કરવામાં આવશે. આ યોજના ૧૯૮૧ થી અમલમાં છે, આ યોજના હેઠળ કર્મચારીઓના માસિક ફાળાનુ વિભાજન બે ભાગોમાં કરવામાં આવે છે. (૧) ૩૦ ટકા રકમ વિમા ફંડ માં જમા થાય છે (૨) ૭૦ ટકા રકમ બચત ફંડમાં જમા થાય છે. સેવા દરમિયાન મૃત્યુના કિસ્સામાં વિમા ફંડમાંથી વિમા રક્ષણ (પ્રતિ એકમ રૂપીયા ૨,૫૦,૦૦૦ સુધી ) મળે છે. જયારે નિવૃત્તિ, રાજીનામુ અથવા અન્ય કારણે સેવા છોડતી વખતે બચત ફંડમાંથી વ્યાજ સહિતની સંચિત રકમ ચુકવાય છે. નાણાં વિભાગે કર્મચારીઓના વિવિધ જુથો (ગ્રેડ પે , વર્ગ અને સેવા અવધીને ધ્યાનમાં રાખીને ) બચત ફંડની ચુકવણી માટે અલગ અલગ ગણતરી દરો અને પત્રકો જાહેર કર્યા છે. આનાથી દરેક કર્મચારીને તેમના વર્ગ અનુસાર યોગ્ય અને વધુ સચોટ લાભ મળી શકશે.

ખાસ કરીને નિવૃત્તિ સમયે મળનારી રકમમાં વ્યાજનો સમાવેશ થતા કર્મચારીઓને વધારાનો નાણાંકીય લાભ પ્રાપ્ત થશે, આ ત્રિમાસિક અપડેટ (એપ્રિલ-જુન ૨૦૨૬) કર્મચારીઓ અને તેમના પરીવારોની આર્થિક સુરક્ષા વધારવા માટે મહત્વનુ પગલુ છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ કર્મચારીઓ અને તેમના પરીવારજનોને વધુ આર્થિક સુરક્ષા પ્રદાન કરવાનો છે. રાજય સરકારના વિવિધ વિભાગો, કચેરીઓ અને સંસ્થાઓને પરીપત્રના અમલીકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાની સુચનાઓ આપવામાં આવી છે. આ યોજના રાજયના તમામ સરકારી કર્મચારીઓને લાગુ પડે છે અને તેમના લાંબા સમયના યોગદાનને વ્યાજ સાથે પરત આપીને તેમના ભવિષ્યને મજબુત બનાવે છે. અસરગ્રસ્ત કર્મચારીઓ અને તેમના પરીવારોએ તેમના ખાતા / કાર્યાલય ના એકાઉન્ટ વિભાગ અથવા નાણાં વિભાગની સત્તાવાર વેબસાઈટ finance depertment. gujarat. gov.in પરથી તાજેતરનો પત્ર અને ગણતરી પત્રકો ડાઉનલોડ કરીને વિગતવાર તપાસ કરવી જોઈએ, વ્યકિતગત ગણતરી માટે સંબંધિત અધિકારીઓનો સંપર્ક કરવો યોગ્ય રહેશે.

જેમાં SMC અને SOG ના ઉચ્ચ અધિકારીઓ ભેરવાયા છે એવું

# સુરતના ભૂતિયા ડિમોલિશનનું ભૂત હવે ગાંધીનગરમાં ધૂણવા લાગ્યુંઃ અપાયો તપાસનો આદેશ??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતમાં કોઈ અદ્રશ્ય શક્તિના ઈશારે માત્ર "હાથો" બનીને નાસિર નગરના મકાનોના ડિમોલિશનની કામગીરી કરવા ગયેલા સુરત મહાનગરપાલિકા અને SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ના ઉચ્ચ અધિકારીઓ આ મામલે બરાબરના ભેરવાયા છે. અને આ ડિમોલેશનનો વિવાદ હવે ગાંધીનગર સુધી પહોંચતા જ રાજય સરકારે મામલાની ગંભીરતા જોઈને અત્યંત ગુપ્ત રાહે આખી ઘટનાની તપાસના આદેશ આપી દીધા છે. તેમજ મેયર સહિતના પદાધિકારીઓને ગાંધીનગર બોલાવવામાં આવ્યા હતા. ઉપરાંત સુરત પોલીસના જ અધિકારીઓ આ શંકાના દાયરામાં હોવાથી સુરત પોલીસને આ સમગ્ર તપાસ પ્રક્રિયાથી સંપૂર્ણપણે બહાર રાખવામાં આવી છે.

આ સમગ્ર કૌભાંડની સત્ય હકીકત બહાર લાવવા માટે સુરત ગ્રામ્યના ઉચ્ચ પોલીસ અધિકારીને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. સરકારના આદેશ બાદ રેન્જ આઈજીની ટીમ અત્યંત ખાનગી રીતે સ્થાનિક સ્તરે ફોન કોલ્સ અને અન્ય માધ્યમો ધ્વારા ડિમોલિશન પાછળની સાચી હકીકત અને કાવતરાના પુરાવા એકત્રિત કરી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ આ અંગેનો વિગતવાર ગુપ્ત રિપોર્ટ સીધો ગાંધીનગર ગૃહ વિભાગને સોંપવામાં આવશે.

બીજી તરફ આ ગંભીર અને સંવેદનશીલ મુદ્દે હવે મુખ્ય વિપક્ષ કોંગ્રેસે પણ ઝંપલાવ્યું છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ ઘટનાને ગરીબો વિરુધ્ધનું મોટુ ષડયંત્ર ગણાવીને રાજ્ય સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે આ મામલે સરકારને ખુલ્લી ચેતવણી આપતા ત્રણ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે અને જણાવ્યું છે કે જવાબદારો સામે પોલીસ ફરિયાદ કરો, લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ કરો. ઉપરાંત જે લોકો આ ષડયંત્ર માં સામેલ હોય એ તમામ ઉપર એફઆઈઆર કરો નહિતર ત્રણ દિવસ પછી પ્રદેશ કોંગ્રેસ સુરતના સ્થાનિકો ને સાથે રાખી ઉગ્ર આંદોલન કરાશે. હાલ તો નવાનિયુક્ત થયેલા મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને શાસક પક્ષના નેતા તાબડતોબ ગાંધીનગર પહોંચીને બંધ બારણે યોજાયેલી બેઠકમાં ડિમોલિશન અંગેની ચર્ચાઓ કરી રહ્યા હોવાનું પણ સૂત્રો એ જણાવ્યું હતું.

# રાજય સરકારે બાજરી, મકાઈ અને જુવારની ખરીદી મર્યાદામાં કર્યો ધરખમ વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા ખેડુતોની લાગણી અને માંગણીને હકારાત્મક પ્રતિસાદ આપતો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકારે ટેકાના ભાવે બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડુત ખરીદી મર્યાદામાં માતબર વધારો કર્યો છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર સેવાના સફળ દિવસોની ઉજવણીના અવસરે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકારે ખેડુતોના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.



રાજયના કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને અન્ન નાગરીક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી તેમજ કિસાન સંઘના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠક બાદ બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડુત ખરીદી મર્યાદામાં માતબર વધારો જાહેર કરાયો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આ નિર્ણયની જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે રાજયના ખેડુતોની રજુઆતોની હકારાત્મક વાચા આપતા રાજય સરકારે આ નિર્ણય લીધો છે. બાજરીની ખરીદી મર્યાદા અગાઉ જે ૨ હજાર કિલો (૧૦૦ મણ) હતી, તેને વધારીને હવે ૩૫૦૦ કિલો (૧૭૫ મણ) પ્રતિ ખેડુત કરવામાં આવી છે. આજ રીતે મકાઈની ખરીદી મર્યાદા પણ ૧૫૦૦ કિલો (૭૫ મણ) થી વધારીને હવે ૨૫૦૦ કિલો (૧૨૫ મણ) અને જુવારની ખરીદી મર્યાદા ૧ હજાર કિલો (૫૦ મણ) થી વધારીને ખેડુત દીઠ ૧૭૦૦ કિલો (૮૫ મણ) કરી છે. આમ રાજય સરકારે બાજરીમાં ૧૫૦૦ કિલો (૭૫ મણ) , મકાઈમાં ૧ હજાર કિલો (૫૦ મણ) તેમજ જુવારમાં ૭૦૦ કિલો (૩૫ મણ) નો વધારો કર્યો છે.

કૃષિ મંત્રીએ ઉમેર્યુ હતુ કે અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ દ્વારા હવે આ નીતી નિર્ધારીત મર્યાદા મુજબ ખેડુતો પાસેથી ખરીદી ની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, સરકારના આ નુતન અભિગમથી રાજયના હજારો ખેડુતોને સીધો આર્થિક લાભ થશે અને તેઓ પોતાની વધુ ઉપજ ટેકાના ભાવે વેચાણ કરી શકશે. રાજય સરકારની ખેડુત કલ્યાણ પ્રત્યેની પ્રતિબધ્ધતા દોહરાવતા મંત્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે ભારત સરકાર દ્વારા ટેકાના ભાવમાં વધારો કરીને ખેડુતોને જે આર્થિક સુરક્ષા આપવામાં આવી છે તેને આગળ ધપાવતા રાજય સરકારે ખેડુતોની લાગણી અને માંગણીઓને માન આપીને આ સુધારો કર્યો છે.

# ગુજરાતના બે વ્યકિતઓ પાસેથી રૂ.૩ કરોડની લાંચ માંગનાર પોલીસ અધિકારીની દિલ્હીમાં ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

સીબીઆઈએ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના એક ઈન્સ્પેકટરને રૂપીયા ૩ કરોડની લાંચ માંગવાના આરોપમાં ધરપકડ કરી છે અને તે લાંચ એક આઈએએસ અધિકારીના ઈશારે માંગવામાં આવી હતી તે બહાર આવી છે, સીબીઆઈએ દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેકટર પ્રદિપસિંહને ઝડપી લીધા છે. સોમવારે તે લાલકિલ્લા નજીક લાંચની લેવડ દેવડ અંગે વાતચીત કરી રહ્યા હતા.



ગુજરાતના વડોદરામાં એક ફોજદારી કેસમાં રાહત આપવા માટે આ લાંચની માંગણી બે આરોપીઓ પાસેથી કરવામાં આવી હતી. જેમાં ઈંદિરાગાંધી એરપોર્ટના સીવીલ એવીએશન વિભાગમાં ફરજ બજાવતા એક આઈએએસ અધિકારીના ઈશારે રૂપીયા ૩ કરોડની લાંચ માંગવામાં આવી હતી અને તેમાં વાટોઘાટો થયા બાદ તેમાં રૂપીયા દોઢ કરોડ આપવાનુ નકકી થયું અને તેમાં રૂપીયા ૫૦ લાખ પણ આપી દેવામાં આવ્યા હતા અને ગઈ કાલે વધુ રૂપીયા ૨૫ લાખ આપતા સમયે આ પોલીસ ઈન્સ્પેકટરને ઝડપી લેવાયો હતો અને હવે આઈએએસ અધિકારીનુ નામ પણ બહાર આવ્યુ છે તેને પણ ઝડપી લેવાશે.

# દેશની સેવા કરતા જવાનના પરીવાર પર જીવલેણ હુમલો : ન્યાય માટે પેરા મિલેટ્રી સંગઠનના હોદ્દેદારો ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન પહોચ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામમાં દેશની સુરક્ષા માટે સીઆરપીએફ માં ફરજ બજાવી રહેલા એક જવાનના માતા પિતા પર જીવલેણ હુમલો થવાની ઘટના બહાર આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે કે જો દેશની સેવા કરતા જવાનનો પરીવાર જ સુરક્ષિત ન હોય તો સામાન્ય નાગરીકોની સુરક્ષા અંગે પણ સવાલો ઉભા થાય છે. મળતી માહિતી અનુસાર હાલ સીઆરપીએફ માં ફરજ બજાવી રહેલા જવાનના માતા અને પિતા પર કેટલાક શખ્સોએ હુમલો કર્યો હતો. હુમલામાં બંનેને ગંભીર ઈજાઓ પહોચી હોવાની માહિતી મળી રહી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો અને સમાજના આગેવાનો દ્વારા દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી હતી. આ ઘટનાની જાણ પેરામિલેટ્રી સંગઠનને થતા સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ પટેલ



દિપેશભાઈના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં હોદ્દેદારો અને સભ્યો ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન પહોચ્યા હતા. રાષ્ટ્રીય મંત્રી મંગળભાઈ સહિતના અન્ય હોદ્દેદારોએ જવાનના પરીવારને ન્યાય મળે તે માટે પોલીસ સમક્ષ રજુઆત કરી હતી.


રજુઆત દરમિયાન ખેડબ્રહ્મા પોલીસના અધિકારીઓએ સંપૂર્ણ સહયોગ આપવાની ખાત્રી આપી હતી. પોલીસ તંત્ર દ્વારા કાયદા અને નિયમો અનુસાર સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને જવાબદાર આરોપીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે. પેરામિલેટ્રી સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ દિપેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે દેશની સેવા કરતા જવાનના પરીવાર સાથે થયેલી આ ઘટના અત્યંત દુઃખદ અને નિંદનીય છે. જો પીડીત પરીવારને યોગ્ય ન્યાય નહી મળે તો સંગઠન દ્વારા બંધારણીય અને કાયદેસર માર્ગે વધુ પગલા લેવામાં આવશે, તેમણે સ્પષ્ટ ચેતવણી આપતા કહ્યુ હતુ કે જવાનના સન્માન અને ન્યાય માટે સંગઠન કોઈપણ જરૂરી લડત લડવા તૈયાર છે. ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે અને લોકો દ્વારા દોષિતો વિરૂધ્ધ ઝડપી અને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# એ.ડી.સી. બેંકે રૂા.૨૦,૨૧૨ કરોડથી વધુનો બિઝનેસ હાંસલ કરી નવો કીર્તિમાન સ્થાપિત કર્યો

## ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લી., અમદાવાદની સને ૨૦૨૫–૨૬ ની ૧૦૧ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.ની ૧૦૧ મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૯ મી જુને ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને, વાઈસ ચેરમેન શ્રી જગદીશભાઈ પટેલ, બેંકના ડિરેકટર અને ઉત્તમ ડેરીના ચેરમેન શ્રી મોહનભાઈ ભરવાડ, બેંકના ડિરેકટર અને ભારતીય જનતા પાર્ટી, સહકાર સેલના કન્વીનર શ્રી બીપીનભાઈ પટેલ તથા બોર્ડના ડાયરેકટરો, આમંત્રિત મહેમાનો અને મોટી સંખ્યામાં સહકારી મંડળીઓના પ્રતિનિધિશ્રીઓ રૂબરૂ તથા ઓનલાઈન વિડીયો કોન્ફરન્સ (વર્ચ્યુઅલ) ધ્વારા હાજરી આપેલ.બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલે સને ૨૦૨૫-૨૬ ના વર્ષની પ્રગતિની માહિતી રજુ કરતાં જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગ્રામીણ અર્થવ્યવસ્થાને સશક્ત કરવા માટે આઝાદીના ૭૫ વર્ષ બાદ સૌપ્રથમ વખત સને ૨૦૨૧માં 'સહકાર મંત્રાલય" ની સ્થાપના કરી, આપણાં માનનીય શ્રી અમિતભાઈ શાહ સાહેબને સહકાર મંત્રાલયનું સુકાન સોંપ્યું. તેઓ ધ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના 'સહકાર થી સમૃધ્ધિ'ના સ્વપ્નને સાકાર કરવા સહકારી ક્ષેત્રે ટૂંક જ સમયમાં ૬૦ થી વધુ પહેલો શરૂ કરવાને પરિણામે સહકારી ક્ષેત્ર સતત પ્રગતિ કરી રહેલ છે. 'સહકાર થી સમૃધ્ધિ' પાયલોટ પ્રોજેકટ અંતર્ગત બેંકના કાર્યક્ષેત્રના તમામ ગામોને બેંકિંગ સુવિધા ઉપલબ્ધ કરાવી છેવાડાના ગામોના નાના માણસોને તેઓની જરૂરીયાત અનુસાર ધિરાણની સગવડ આપી સહકારી પ્રવૃતિ સાથે જોડેલ છે.

બેંકે ૨૦૨૫–૨૬ ના નાણાંકીય વર્ષના અંતે બેંકનો કુલ બિઝનેસ ગત વર્ષની સરખામણીએ ૧૩.૨૫% ના વધારા સાથે રૂા.૨૦,૨૧૨ કરોડ થયેલ છે. બેંકની કુલ ડિપોઝીટ ૧૨.૬૫% ના વધારા સાથે રૂા.૧૧,૯૨૬ કરોડ થયેલ છે. બેંકના કુલ ધિરાણ ૧૪.૧૩% ના




વધારા સાથે રૂા.૮,૨૮૯ કરોડ થયેલ છે. બેંકનું ગ્રોસ એન.પી.એ. અડધા ટકાથી નીચે ૦.૧૮%, બેંકનું નેટ



એન.પી.એ. સતત ૧૩ વર્ષથી શૂન્ય ટકા, બેંકનો ચોખ્ખો નફો રૂા.૧૦૩.૭૧ કરોડ કરી સભાસદ મંડળીઓને ચાલુ વર્ષે ૧૫% ડીવીડન્ડ આપવાની જાહેરાત કરેલ છે. બેંકના ખાતેદારોમાં ગત વર્ષ કરતાં ૧,૬૦,૬૯૫ ના વધારા સાથે ૧૭,૭૫,૨૧૨ ખાતેદારો થયેલ છે. બેંકે આદર્શ બેંક તરીકેના મોટાભાગના માપદંડોને હાંસલ કરી સતત પ્રગતિના સોપાનો સર કર્યા છે. અમદાવાદ, ગાંધીનગર અને બોટાદ જિલ્લાનું કાર્યક્ષેત્ર ધરાવતી આ બેંક ૨૦૮ શાખા તથા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના લોકોને ૧૨૨૯ માઈક્રો એટીએમ અને ૧૫૦ જેટલા ઓનસાઈટ / ઓફસાઈટ જેવા બેંકિંગ ટચપોઈન્ટ શરૂ કરેલ છે.

બેંકમાં ૮.૪૪ કરોડ જેટલા ડિજીટલ ટ્રાન્ઝેકશનમાં રૂા.૧૫,૫૨૧ કરોડ જેટલી માતબર રકમના ટ્રાન્ઝેકશન થયેલ છે. ચાલુ નાણાંકીય વર્ષમાં પણ બેંકની ડિપોઝીટમાં રૂા.૬૦૦ કરોડ કરતાં વધુનો વધારા તથા એકંદર બિઝનેસમાં રૂા.૮૩૦ કરોડ ઉપરાંતનો વધારો થતાં બેંકનો એકંદર બિઝનેસ રૂા.૨૧,૦૦૦ કરોડને ક્રોસ થયેલ છે.

સહકારના સામાજિક ઉત્તરદાયિત્વના સિધ્ધાંતને ચરિતાર્થ કરવા બેંક ધ્વારા ગત વર્ષે ૧૦૦ વર્ષની સ્વર્ણિમ શતાબ્દી વર્ષની ઉજવણી વખતે કાર્યક્ષેત્રના ગામોની જરૂરીયાતને અનુરૂપ સેવાકીય કાર્યો સતત છ મહિના સુધી કર્યા હતા. ચાલુ વર્ષે પણ બેંક ધ્વારા રેડક્રોસના સહયોગથી થેલેસીમીયાગ્રસ્ત બાળકોને મદદરૂપ થવા ૨૫૦૦ યુનીટ રકત એકત્ર કરવામાં આવેલ તથા સને ૨૦૧૮ થી ચાલુ વર્ષ સુધીમાં ૨૫૦ થી વધુ રકતદાન કેમ્પ યોજી ૧૨૦૦૦ થી વધુ યુનીટ રકત એકત્ર કર્યુ છે. જે ત્યારબાદ હજુ પણ ચાલુ રાખેલ છે. પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષારોપણ, ગામડામાં સ્વચ્છતા કાર્યક્રમ, બેંકિંગ સેકટરમાં સાયબર છેતરપીંડી એ વર્તમાન સમયમાં સૌથી મોટો પડકાર છે. સાયબર ક્રાઈમથી બચવા માટેની જુદી જુદી પધ્ધતિઓથી લોકો જાણકાર બને તે માટે "સાયબર સાથી" પુસ્તિકાનું વિતરણ કરી જાગૃતિ ઉભી કરવા પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત ઉનાળાની આકરી ગરમીમાં સમાજના લોકોને રાહત મળે તે આશયથી મફત છાશ વિતરણ કેન્દ્ર જેવી પ્રવૃતિઓ પણ હાથ ધરેલ છે.

અંતમાં બેંકના ડાયરેકટર શ્રી કનુભાઈ દેસાઈ ધ્વારા આભારવિધિ કરાઈ હતી. જેમાં વડાપ્રધાનશ્રી, કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી, મુખ્યમંત્રી, નાણાંમંત્રી, રાજયના સહકાર મંત્રી તથા રૂબરૂ તથા વર્ચ્યુઅલ મીટીંગમાં જોડાયેલ સભાસદ મંડળીઓના પ્રતિનિધિશ્રીઓ તથા સહકારી આગેવાનોનો આભાર વ્યકત કરેલ હતો.

